# ગુજરાત યુનિવર્સિટી

નં . પરીક્ષા/૩-બ/એનરોલમેન્ટ/૧૨૭૩૮/૨૦૨૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
તા : ૨૭/૧૨/૨૦૨૪

પરિપત્ર ક્રમાંક: ૩૯૧

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, નર્સિંગ, પ્રોસ્થોટિક્સ એન્ડ ઓર્થોટિક્સ, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓડીયોલોજી એન્ડ સ્પિચ વિદ્યાશાખાઓની તમામ કોલેજોના આચાર્યો/અધ્યક્ષશ્રીનું આ યુનિવર્સિટીના ઓર્ડિ.૬૯ તરફ ધ્યાન દોરી જણાવવાનું કે, આપની સંસ્થા/કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ ઓનલાઈન ભરી તથા ફી વિદ્યાર્થીઓ પાસેથી ભરાવી, વિદ્યાર્થીઓની માહિતી નિયત પત્રક સાથે તા: ૧૦/૦૧/૨૦૨૫ સુધીમાં આ કાર્યાલયને જમા કરાવવા જણાવવામાં આવે છે.

ત્યારબાદ એનરોલમેન્ટ ફોર્મ તા:૧૭/૦૧/૨૦૨૫ સુધી રૂ. ૫૦૦/- અને તા:૨૪/૦૧/૨૦૨૫ સુધી રૂ.૧૦૦૦/- લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે. ત્યારબાદ માન. કુલપતિશ્રી દ્વારા નિયત દંડનીય ફી સિવાય કોઈ જ એનરોલમેન્ટ ફોર્મ સ્વિકારવામાં નહીં આવે. જેની ખાસ નોંધ લેશો.

આ ફોર્મ ઓનલાઈન ભરવાના હોઈ રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના વડાશ્રીનો સંપર્ક સાધવો. એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે. (રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર સંપર્ક : ૦૭૯-૨૬૩૦૦૮૭૭)

૧) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ તબીબી, દંતવિજ્ઞાન, હોમિયોપેથી, ફીજીયોથેરાપી, નર્સિંગ, ઓપ્ટોમેટ્રિ,ઓક્યુપેશનલ થેરાપી, પ્રોસ્થોટિક્સ & ઓર્થોટીકસ અને ઓડિયોલોજી & સ્પીસ લેન્ગવેજ પેથોલોજીની કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે એકેડેમિક વર્ષ ૨૦૨૪-૨૫ થી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા ગુજરાત રાજ્ય બહારના વિદ્યાર્થીઓને પ્રોવીઝનલ એલિઝીબિલીટી સર્ટી (PEC) લેવાનું રાખવું. તથા આ PEC નંબર એનરોલ્મેન્ટ ફોર્મમાં ફરજીયાત પણે ભરવાનો રહેશે. PEC મેળવવા માટે https://www.gujaratuniversity.ac.in/onlineservices ઉપરથી અરજી કરી શકાશે.

૨) Vacant Quota માટેનાં નિયમ-૧૭ હેઠળ ખાલી બેઠકો ભરવા માટે સબધિત કોર્ષની શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ માટેની લાગુ પડતી પ્રવેશ સમિતિ/કાઉન્સિલ દ્વારા નક્કી કરેલ નીતિનિયમો મુજબ જાહેર કરેલ તારીખની સમયમર્યાદામાં સંસ્થા દ્વારા પ્રવેશ સમિતિ/કાઉન્સિલ દ્વારા પ્રવેશ માન્ય કરેલ વિદ્યાર્થીઓની તેમના દ્વારા પ્રમાણિત કરેલ યાદી એનરોલમેન્ટ ફોર્મની સાથે જમા કરાવ્યા બાદ જ આવા વિદ્યાર્થીઓનું એનરોલ્મેન્ટ થઇ શકશે. જે કોર્ષમાં પ્રવેશ સમિતિ/કાઉન્સિલ દ્વારા પ્રવેશ યાદી પ્રમાણિત કરી આપેલ ન હોય તેવા કોર્ષમાં પ્રવેશ યાદી સંસ્થાના વડા દ્વારા મુદા- a) અને b) માં સૂચવેલ શરતોને આધીન ચકાસણી કર્યા બાદ જ મુદા-૧૦ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

a) તેમજ ગુજરાત બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓ જે બોર્ડ માંથી પાસ થયેલ હોય તે બોર્ડ UGC/ ગુજરાત યુનિવર્સિટી/સરકાર માન્ય બોર્ડના લીસ્ટમાં સામેલ છે કે કેમ તે ચેક કરવું તેમજ તેમની માર્કશીટ પણ વેરીફાય કરવી અને વિદ્યાર્થી પાસે માર્કશીટ Genuine છે તેવું Undertaking લેવુ અને ત્યાર બાદ જ પ્રવેશ આપવો પ્રવેશ મેળવનાર આવા પ્રત્યેક વિદ્યાર્થીએ ફરજીયાત પણે પ્રોવીઝનલ એલિઝીબિલીટી સર્ટી (PEC) મેળવવાનું રહેશે તેમજ PEC વગર કોઈપણ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ થઇ શકાશે નહિ.

b) તદુપરાંત ગુજરાત સરકારના ઓપન સ્કુલ બોર્ડ અંગેના પરિપત્રને ધ્યાને લેતા, ગુજરાત રાજ્ય સિવાય ના અન્ય રાજ્યોના ઑપન સ્કૂલ/OPEN BOARD માંથી ધોરણ- 12 પાસ કરી વર્ષ 2024-25 થી અત્રેની

યુનિવર્સિટી ખાતે UNDER GRADUATE સેમેસ્ટર- 1 માં પ્રવેશ માટે આવતા વિધાર્થીને પ્રવેશ માટે ગુજરાત સરકારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક : મઉમશબ /સંશોધન 2024/1017-56 તા. 09/02/2024 ના ઠરાવ મુજબ જણાવેલ કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિમય -1974 ના વિનિમય -12 (9)(ક) માં સુધારા બાબતના શિક્ષણ વિભાગ ના ઠરાવ ક્રમાંક : મશબ/112022 /93 / છ તા. 07 / 06 /2022 થી થયેલ સુધારેલ જોગવાઈ મુજબ ઑપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOS નું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના ઑપન બોર્ડ ના વિધાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિધાર્થી અન્ય રાજ્યના ઑપન બોર્ડની ધોરણ-10 ની પરીક્ષા ઉતીર્ણ કરે તો પણ તેને ધોરણ -11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહીં, કારણ કે અન્ય રાજ્ય ના ઑપન બોર્ડનું કાર્યક્ષેત્ર સંબધિત રાજ્ય માટે જ હોય છે. " જેને અનુલક્ષીને ધોરણ-10 અને ધોરણ-12 બંને અલગ-અલગ રાજ્યો ના માન્ય ઑપન બોર્ડમાંથી પાસ કરેલ હોય તો પણ પ્રવેશ માટે પાત્ર ગણી શકાય નહીં. આ ઠરાવ ને ધ્યાને લેતા ગુજરાત યુનિવર્સિટીમાં UNDER GRADUATE અને POST GRADUATE સેમેસ્ટર- 1 માં પ્રવેશ મેળવવા માગતા વિધાર્થી દ્વારા, ધોરણ -10 જે રાજ્યના રેગ્યુલર માન્ય બોર્ડ માંથી પાસ કરેલ હોય અને ધોરણ-12 તે જ રાજ્યના માન્ય ઓપન સ્કૂલ/OPEN BOARD માંથી પાસ કરેલ હોય તો જ, તે વિધાર્થીને પ્રવેશ ને પાત્ર ગણી શકાય, અન્યથા પ્રવેશ પાત્ર ગણી શકશે નહીં.

a અને b મુદાઓને આધારે જો કોઈ વિદ્યાર્થી એનરોલ્મેન્ટ માટે ગેરલાયક ઠરશે તો આવા વિદ્યાર્થીનું એનરોલ્મેન્ટ રદ થવાને પાત્ર થશે. રદ થયેલ વિદ્યાર્થીની એનરોલ્મેન્ટ ફી પરત મળવા પાત્ર રહશે નહિ.

૩) એનરોલમેન્ટ ની વિગતો ભરવા માટે કોલેજ ને આપવામાં આવેલ Login Id અને Password દ્વારા Login કરવાનું રહેશે.જે તે કોલેજના Loginમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની વિગતો જોવા મળશે. કોલેજ દ્વારા જે તે ઉમેદવારની વિગતો ચકાસવા માટે Prefilled Enrolment Form પ્રિન્ટ કરી, તેમાં જે વિગત ભરેલ ના હોય અથવા માહિતી સુધારવાની થતી હોય તે વિગત ઉમેદવાર પાસે ભરાવી/સુધારવી.( તેમાં તેનું નામ, છેલ્લે પાસ કરેલ હાયર સેકન્ડરી પરીક્ષાના ગુણપત્રક પ્રમાણે બેઠક નંબર પણ દર્શાવવો) Online સુધારો કોલેજે કરવાનો રહેશે.

<u>ખાસ સૂચના :</u> દરેક કોલેજે જે-તે વિદ્યાર્થીને માત્ર તે વિદ્યાર્થીનું જ Prefilled Enrolment Form ચકાસવા આપવું. Prefilled Enrolment Formની આખી PDF કોઈ વિદ્યાર્થીને ન આપવી, તેમજ સોશ્યલ મીડિયામાં શેર ના કરવી.

૪) વિદ્યાર્થીઓ જ્યારે એનરોલમેન્ટ માટે અરજી કરે ત્યારે તેમાં તેનું નામ, છેલ્લે પાસ કરેલ હાયર સેકન્ડરી પરીક્ષાના ગુણપત્રક પ્રમાણે જ ભરે, તેમજ બેઠક નંબર પણ સાચો દર્શાવે તેવી સૂચના વિદ્યાર્થીઓને આપવી તેમજ જરૂર જણાય તો નોટિસ બોર્ડ પર આ પ્રકારની જરૂરી સૂચના મૂકવી, જેથી કોમ્પ્યુટર ચેકિંગમાં ક્ષતિઓ ઓછી આવે.

૫) ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ એનરોલ્મેન્ટની યાદીમાં વિદ્યાર્થીઓના નામમાં વિસંગતતા/સુધારો જણાય તો નીચે દર્શાવેલ માળખા મુજબ Excel ફાઈલ બનાવી ce@gujaratuniversity.ac.in ઉપર email કરી જાણ કરવાની રહેશે.

| Sr No | Name of Course | NEET Seat No of Student | Incorrect Name of Student | Correct Name of Student |
|---|---|---|---|---|
| | | | | |

૬) એનરોલમેન્ટ ફોર્મ ફી માટે ક્રોસ્ડ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર "કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯" ને મોકલી આપવો. ડિમાન્ડ ડ્રાફ્ટ /પે.ઓર્ડર બેંક કમિશનની રકમ બાદ કરી કઢાવવાનો રહેશે.

૭) આ કાર્યાલયના તા.૨૬-૦૨-૨૦૧૪નાં પત્રાંક:એકે/૯૮૪૧૦/૨૦૧૪નાં સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવલોપમેન્ટ ફી એ એનરોલમેન્ટ ફી સાથે જ જમા કરાવવાની થાય છે. આથી એનરોલમેન્ટ ફોર્મ સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોરવર્ડિંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેશો.

૮) વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા એનરોલમેન્ટ ફોર્મ ઉપર ક્રમાંક-૩ માં આપેલ સૂચના મુજબ Enrolment Formની પ્રિન્ટ કરી જે તે વિદ્યાર્થી અને પ્રિન્સિપાલની સહી કરાવી યુનિવર્સિટી ખાતે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ફોર્મ ફી રૂ.૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂ.૧૦૦/-ભરવાની રહેશે, ફોર્વર્ડિંગ લેટર સાથે જનરેટ થયેલ યાદીની બે નકલ કોલેજના આચાર્યશ્રીના સહી સિક્કા સાથે આ કાર્યાલયમાં નિયત તારીખ સુધીમાં જમા કરાવવાના રહેશે.

૯) એડમિશન કમિટી મારફત પ્રવેશ મેળવ્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓની યાદી ને ૧ થી કમાંક આપી જમા કરાવવી.

૧૦) રુલ ૧૭ મુજબ વેકન્ટ ક્વોટા ઉપર પ્રવેશ મેળવ્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓની યાદીને ૧૦૦૧ થી કમાંક આપી સંબધિત કાઉન્સિલ/એડમિશન કમિટી/સંસ્થાના વડા દ્વારા પ્રમાણિત કરાવ્યા બાદ જ અલગથી જમા કરાવવી.

૧૧) રુલ ૧૭ મુજબ વેકન્ટ ક્વોટા ઉપર પ્રવેશ મેળવ્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦,૧૧, અને ૧૨ સરકાર/UGC માન્ય બોર્ડમાંથી પાસ કરેલ છે તેની ચકાસણી સંસ્થાના વડાશ્રીએ કરવાની રહેશે. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનું બોર્ડ મુદ્દા નં-૨ a) અને b) મુદાઓને આધારે જો કોઈ વિદ્યાર્થી એનરોલમેન્ટ માટે ગેરલાયક ઠરશે તો આવા વિદ્યાર્થીનું એનરોલ્મેન્ટ રદ થવાને પાત્ર થશે. રદ થયેલ વિદ્યાર્થીની એનરોલ્મેન્ટ ફી પરત મળવા પાત્ર રહશે નહિ, તેની જાણ સંસ્થાએ વિદ્યાર્થીને પણ કરવાની રહેશે અને આ અંગેની સઘળી જવાબદારી પ્રવેશ આપનાર સંસ્થાની રહશે.

ડૉ. પી.એમ.પટેલ
કુલસચિવ

પ્રતિ:

૧. યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, નર્સિંગ, પ્રોસ્થોટિક્સ એન્ડ ઓર્થોટિક્સ, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી અને ઓડીયોલોજી એન્ડ સ્પિચની તમામ કોલેજોના આચાર્યો/અધ્યક્ષશ્રીઓ.
૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)
૩. ચીફ એકાઉન્ટ્સ ઓફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.

નોંધ: પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી થઈ ગયા પછી જ એનરોલમેન્ટ માટે ડી.ડી. તૈયાર કરશો. જેથી ફોર્મ અને ડી.ડી.માં એકરૂપતા જળવાઈ રહે.

<u>દરેક એનરોલમેન્ટ ફોર્મની સાથે નીચે જણાવ્યા પ્રમાણેના દસ્તાવેજો બિડવાના રહેશે.</u>

1. એડમિશન/એલોટમેન્ટ લેટર
2. ધોરણ-૧૦ ની માર્કશીટ
3. ધોરણ-૧૧ ની માર્કશીટ
4. ધોરણ-૧૨ ની માર્કશીટ
5. સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ
6. NEET સ્કોર કાર્ડ (એમબીબીએસ, બીડીએસ અને બીએચએમએસ માટે)
7. આપેલ એડમીશન માટેના સંબધિત કમિટીના જરૂરી પરીપત્રો અચૂકપણે આમેલ કરવા.